www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Monday
23.11.2020

*Volume :5 * Issue No. 99



વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)
*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ ઉત્તર પ્રદેશના વિંધ્યાચલ વિસ્તારમાં ગ્રામીણ ક્ષેત્રો માટે પેય જળ પાઈપ મારફતે પૂરું પાડવા માટેની પરિયોજનાનો શિલાન્યાસ કર્યો

# પાણીની આ પરિયોજના વિંધ્યાચલમાં પાણીની ખેંચ અને સિંચાઈની સમસ્યાઓનું સમાધાન કરશે: પ્રધાનમંત્રી

## જળ જીવન અભિયાન અંતર્ગત ૨.૬ કરોડ પરિવારોને પાઈપ દ્વારા પેય જળનું જોડાણ પ્રદાન કરવામાં આવે છે



### પાઈપ દ્વારા પેય જળની સુવિધા ગરીબ પરિવારોના આરોગ્યમાં સુધારો કરશે

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે આજે ઉત્તર પ્રદેશના વિંધ્યાચલ વિસ્તારના મિર્ઝાપુર અને સોનભદ્ર જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં પેય જળનો પુરવઠો પહોંચાડવા માટેની પરિયોજનાનો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ પ્રસંગ દરમિયાન ગ્રામીણ પાણી અને સાફસફાઈ સમિતિ/પાની સમિતિના સભ્યો સાથે પણ વાત કરી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ આ પ્રસંગે ઉપસ્થિત હતા. પ્રધાનમંત્રીએ આજે શિલાન્યાસ કરેલી પરિયોજના આ જિલ્લાઓના ૨,૯૯૫ ગામડાઓમાં ગ્રામીણ ઘરોમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે નળનું જોડાણ પ્રદાન કરશે અને એનાથી આશરે ૪૨ લાખ લોકોને ફાયદો થશે. આ તમામ ગામડાઓમાં ગ્રામીણ પાણી અને સાફસફાઈ સમિતિ/પાની સમિતિની રચના કરવામાં આવી છે, જેઓ કામગીરી અને જાળવણીની જવાબદારી લેશે. આ પરિયોજનાનો કુલ અંદાજિત ખર્ચ રૂ. ૫,૫૫૫.૩૮ કરોડ છે. આ પરિયોજના ૨૪ મહિનાની અંદર પૂર્ણ કરવાની યોજના છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં દોઢ વર્ષમાં જળ જીવન અભિયાન દરમિયાન ૨ કરોડ ૬૦ લાખ પરિવારોને તેમના ઘરમાં પેય જળનું જોડાણ પાઈપ મારફતે પ્રદાન કરવામાં આવ્યું છે, જેમાં ઉત્તરપ્રદેશના લાખો પરિવારો સામેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, જળ જીવન અભિયાન અંતર્ગત આપણી માતાઓ અને બહેનોનું જીવન તેમના ઘરે સુવિધાજનક રીતે પાણી સુલભ થવાને કારણે વધારે સરળ બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે, એનાથી મુખ્ય લાભ ઘણા રોગોના ઘટાડા સ્વરૂપે મળ્યો છે, જેમ કે ગરીબ પરિવારોને ગંદા પાણીથી થતાં કોલેરા, ટાઈફોઈડ, એન્સીફેલિટિસ વગેરે રોગ. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિંધ્યાચલ કે બુંદેલખંડ અનેક સંસાધનો ધરાવતા હોવા છતાં આ વિસ્તારો વિવિધ પ્રકારની ઊણપના વિસ્તારો બની ગયા છે. તેમણે ઉમેર્યું હતું કે, કેટલીક નદીઓ હોવા છતાં આ વિસ્તારો પાણીની સૌથી વધુ ખેંચ અનુભવતા અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારો તરીકે જાણીતા હતા તથા અનેક લોકોને અહીંથી સ્થળાંતરણ કરવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું હતું કે, હવે આ પરિયોજના સાથે પાણીની ખેંચ અને સિંચાઈની સમસ્યાઓનો અમલ થઈ જશે અને આ વિકાસને નોંધપાત્ર ઝડપ આપશે. પ્રધાનમંત્રીએ ટીપ્પણી કરી હતી કે, જ્યારે વિંધ્યાચલમાં હજારો ગામડાઓ સુધી પાઈપ દ્વારા પાણી પહોંચશે, ત્યારે આ વિસ્તારના બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો થશે તથા તેમનો શારીરિક અને માનસિક વિકાસ વધારે સારો થશે. તેમણે કહ્યું હતું કે, જ્યારે વ્યક્તિને નિર્ણયો લેવાની સ્વતંત્રતા મળશે અને તમારા ગામના વિકાસ માટે એ નિર્ણયો પર કામ કરવાની છૂટ મળશે, ત્યારે ગામડામાં દરેકનો આત્મવિશ્વાસ વધશે. તેમણે ઉમેર્યું હતું કે, સ્વનિર્ભર ભારતને આત્મનિર્ભર ગામડાઓમાંથી તાકાત મળશે.પ્રધાનમંત્રીએ રોગચાળા દરમિયાન જવાબદાર વહીવટ પ્રદાન કરવા બદલ અને સુધારાઓની ગતિ જાળવી રાખવા બદલ ઉત્તરપ્રદેશની સરકારની પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ આ વિસ્તારમાં વિકાસલક્ષી કાર્યોની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. તેમણે એલપીજી સીલિન્ડરની જોગવાઈ, વીજળીનો પુરવઠો, મિર્ઝાપુરમાં સૌર ઊર્જા પ્લાન્ટ, સિંચાઈ પ્રોજેક્ટની પૂર્ણતા અને ખેડૂતોને સિંચાઈ માટે ઉપયોગ ન હોય એવી જમીનને સૌર ઊર્જા પરિયોજના માટે આપીને સતત વધારાની આવક પ્રદાન કરવા તરફ ધ્યાન દોર્યું હતું. સ્વામિત્વ યોજનાનો સંદર્ભ આપીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, રહેણાક અને જમીનની સંપત્તિની માલિકીના અધિકારોની સ્થિરતા અને ચોક્કસતા પ્રદાન કરવા માટે ખરાઈ કરેલા માલિકીખતો માલિકોને પ્રદાન કરવામાં આવે છે. આ સમાજના ગરીબ વર્ગની મિલકતો પર ગેરકાયદેસર રીતે થતા અતિક્રમણ સામે ખાતરી આપશે અને ધિરાણ માટે ગીરોખત કરી શકાય એવી મિલકત તરીકે ઉપયોગ કરવાની સંભવિતતા સુધારશે. આ વિસ્તારના જનજાતિ સમુદાયના ઉત્થાન માટે પ્રયાસો વિશે શ્રી મોદીએ કહ્યું હતું કે, આ વિશેષ પરિયોજના હેઠળ જનજાતિ વિસ્તારો સુધી આ યોજના પહોંચી રહી છે. સેંકડો એકલવ્ય શાળાઓ ઉત્તરપ્રદેશ સહિત આ વિસ્તારોમાં શરૂ થઈ છે. ઉદ્દેશ જનજાતિઓની બહુમતી ધરાવતા દરેક તાલુકાને આ સુવિધા પ્રદાન કરવાનો છે. જંગલ-આધારિત ઉત્પાદનો પર નિર્ભર વિવિધ પરિયોજનાનો અમલ થઈ રહ્યો છે. જિલ્લા ખનીજ ભંડોળ સ્થાપિત કરવામાં આવ્યું છે, જેથી જનજાતિ વિસ્તારો માટે ફંડની ખેંચ ન રહે અને આ પ્રકારની યોજના પાછળનો વિચાર એ છે કે, આવા વિસ્તારોમાંથી પ્રાપ્ત સંસાધનોના એક ભાગનું રોકાણ સ્થાનિક વિસ્તારમાં થાય. ઉત્તરપ્રદેશમાં આ ફંડ હેઠળ રૂ. ૮૦૦ કરોડ એકત્ર કરવામાં આવ્યાં છે અને ૬૦૦૦થી વધારે પરિયોજનાને મંજૂરી આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ લોકોને કોરોના સામે સતત સતર્ક રહેવાની અપીલ કરી હતી, કારણ કે હજુ પણ જોખમ છે. તેમણે લોકોને વધારે ગંભીરતાપૂર્વક મૂળભૂત સાવચેતીઓ જાળવવા કહ્યું હતું.

# રાજકોટ તેમજ મોરબી જીલ્લાના અલગ અલગ સેન્ટરો ખાતે સભાસદોને જોડીને યોજવામા આવી



કમલમ દૈનિક, રાજકોટ શહેર ખાતે યુવા મંત્રીશ્રી અને જીલ્લા બેંકના ચેરમેનશ્રી જયેશ રાદડીયાના અધ્યક્ષ સ્થાને શ્રી રાજકોટ જીલ્લા સહકારી બેંક લી.ની ૬૧મી વાર્ષિક સાધારણ સભા વિડીયો કોન્ફરન્સથી રાજકોટ તેમજ મોરબી જીલ્લાના અલગ અલગ સેન્ટરો ખાતે સભાસદોને જોડીને યોજવામા આવી તેમજ બેંક દ્વારા લેવાયેલ અકસ્માત વિમા પોલીસી અંતર્ગત બેંક સાથે જોડાયેલ ખેડુત સભાસદ પૈકીના ૩૨ જેટલા અકસ્માતે અવસાન પામેલ ખેડુત સભાસદોના વારસદારોને રૂ.૧૦/૧૦લાખની વિમાની રકમના કુલ ૩ કરોડ ૨૦ લાખની રકમના ચેક આગેવાનોના વરદ હસ્તે અર્પણ કરવામા આવ્યા.શ્રી રાજકોટ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી.ના ચેરમેન શ્રી જયેશ રાદડીયા દ્વારા ખેડૂતોલક્ષી અનેક જાહરાત કરવામા આવી.

૧) રેગ્યુલર કે.સી.સી ધિરાણ લેતા ખેડૂતો માટે ૨ લાખની ૩ વર્ષની મુદત માટે નવી રોકડ શાખ યોજના

૨) ખેત ઓજાર જાળવણી યોજના ૨ લાખમાં વધારો કરી ૩ લાખ કરાઈ

૩) મધ્યમ મુદત ધિરાણ લેનાર ખેડૂતને ૧ ટકા વ્યાજ રાહતની જાહેરાત, જિલ્લામાં ખેડૂતોને અંદાજીત વ્યાજ રાહત ૧૨ કરોડ.

૪) ખેતીવિષયક મંડળીઓના કર્મચારીઓ માટે રૂ. ૧ લાખની નવી રોકડ શાખા યોજના અમલમાં મૂકી

૫) રાજકોટ અને મોરબી જિલ્લાની ખેતીવિષયક મંડળીઓને આર્થિક મજબૂત કરવા ૨૫૦૦ કરોડના કે.સી.સી ધીરણમાં માર્જિન ૧ ટકા થી વધારી ૧.૨૫ ટકા કરવાની જાહેરાત, અંદાજીત ૧૨.૫૦ કરોડનો મંડળીઓને લાભ

૬) વિઠ્ઠલભાઈ રાદડીયા મેડિકલ સહાય યોજના કરાઈ જાહેર, સભાસદોને કિડની, કેન્સર, પથ્થરી,પેરાલીસીસ,પ્રોસ્ટેજ,હાર્ટ એટેક તથા બ્રેઈન હેમરેજની સારવાર માટે ૧૨ હજાર મેડિકલ સહાય અપાશે.


# ગીર સોમનાથ જિલ્લાના નવ નિયુક્ત અધ્યક્ષ શ્રી માનસિંહભાઈ પરમાર નો અભિવાદન સમારોહ વેરાવળ પાટણ શહેર ભાજપ સંગઠન દ્વારા યોજવામાં આવેલ હતો.



કમલમ દૈનિક,

ગીર સોમનાથ જિલ્લાના નવ નિયુક્ત અધ્યક્ષ શ્રી માનસિંહભાઈ પરમાર નો અભિવાદન સમારોહ વેરાવળ પાટણ શહેર ભાજપ સંગઠન દ્વારા યોજવામાં આવેલ હતો. આ અભિવાદન સમારોહમાં લોક લાડીલા સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, ગીર સોમનાથ જિલ્લાના પુર્વ અધ્યક્ષશ્રી માનનીય ઝવેરીભાઈ ઠકરાર, પૂર્વ ધારાસભ્ય જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય તેમજ બીજ નિગમ ના ચેરમેન રાજશીભાઈ જોટવા, વેરાવળ પાટણ શહેર મંડલ ના પ્રમુખશ્રી દેવાભાઈ ધારેચા, માહામંત્રી કપિલ ભાઈ મહેતા ,ભરતભાઈ ચોલેરા તાલુકા ભાજપ પ્રમુખ હરદાસભાઈ સોલંકી, તેમજ જીલ્લા ના પદાધીકારીઓ, શહેર સંગઠન ના પદાધીકારીઓ, ચુંટાયેલા જન પ્રતિનિધિઓ, વિવિધ સમાજના પ્રમુખશ્રીઓ, વેપારી એસોસીએશનો, એનજીઓ, શહેર શ્રેષ્ઠીઓ અને વેરાવળ ભાજપ પરિવાર, કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.









# મોડાસાના સુપ્રસિદ્ધ દેવરાજ ધામ અને ઉમિયા મંદિરના દ્વાર ભક્તો માટે બંધ,પ્રાંતીજ બે દિવસ સંપૂર્ણ લોકડાઉન, ૧૦ દિવસ રાત્રી કર્ફ્યુ

કમલમ દૈનિક, અરવલ્લી

હાલમાં દેશમાં દિવાળીના તહેવારો પછી કોરોના વાયરસ બેકાબુ બનતા લોકોનાં ટપોટપ મોત થઈ રહ્યા છે ગુજરાત રાજ્યમાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શંકાસ્પદ કોરોનાના હજારો દર્દીઓ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે જે મંદિર સાથે લાખ્ખો ભાવીકોની આસ્થા જોડાયેલી છે જ્યાં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે તેવા મોડાસા શહેરના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ દેવરાજ ધામના મહંત ધનગીરી મહારાજે કોરોનાનું સંક્રમણમાં વધારો ન થાય અને ભક્તોમાં કોરોના સંક્રમણ ફેલાય નહિ તે માટે દર્શનાર્થીઓ માટે મંદિરનુ દ્વાર બંધ રાખવાનો નિર્ણય કર્યો છે અને ભક્તોને ઘરે રહેવા માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી છે મેઘરજ રોડ પર આવેલ ઉમિયા માતાજીનું મંદિર પણ બંધ રાખવાનો ટ્રસ્ટીઓ અને પૂજારીએ નિર્ણય લીધો હતો જયારે શામળાજી મંદિર ભક્તો માટે ખુલ્લું રખાતા અને માસ્ક કે સોશ્યલ ડિસ્ટન્સ પણ ન જળવાતા ભક્તોમાં કોરોના સંક્રમણનો ભય પેદા થયો છે. સાબરકાંઠા જીલ્લામાં કોરોનાનુ સંક્રમણ ઘેરું બન્યું છે કોરોનાના કહેરના પગલે લોકોમાં ભય ઉભો થયો છે . જિલ્લામાં વધતા જતા કોરોનાના સંક્રમણ ને અટકાવવા માટે થઈને હવે લોકો એ પણ જાતે જ પગલા ભરવાની શરુઆત કરી છે. સ્થાનિક લોકો અને સ્થાનિક વહેપારીઓ સાથે મળીને હવે લોકોને કોરોના મહામારી થી સુરક્ષીત રાખવા માટે નો પ્રયાસ હાથ ધર્યો છે.પ્રાંતિજ પંથકમાં ૬૦ થી વધુ લોકો એક સપ્તાહમાં સપડાતા નગર પાલિકા સાથે વહેપારીઓએ બેઠક યોજીની પ્રાંતિજ શહેરના બજારો બે દિવસ બંધ રાખવા સાથે જ જનતા કરફ્યુ જાહેર કરવામાં આવ્યુ હતું .શહેરમાં રવિવારે સવારથી જ શહેર સુમસામ બની ગયુ હતુ અને બજારો સજ્જડ બંધ થઇ ગયા હતા. શહેરમાં તમામ દુકાનો બંધ રહેતા ભીડ ભાડ ભર્યા રહેતા બજારો પણ હવે સુમસામ ભાસવા લાગ્યા હતા.પ્રાંતિજમાં ૧૦ દિવસ સુધી રાત્રી જનતા કર્ફ્યુ પણ અમલવારીમાં લાવી કોરોના સંક્રમણ અટકાવવા પ્રયત્નશીલ બન્યા છે

## રાજકોટ ડીસ્ટ્રીક્ટ બેંકની વર્ચ્યુઅલ સાધારણ સભા યોજાયેલ

### વ્યક્તિના સામાજીક જીવનમાં આર્થિક દ્રષ્ટિકોણથી સહકારી સંસ્થાઓનું ખુબ જ મહત્વ રહેલું છે.:- મનસુખ ખાચરીયા

કમલમ દૈનિક,

રાજકોટ ડીસ્ટ્રીકટ બેંકની વાર્ષિક સાધારણ સભા આજ રોજ વર્ચ્યુઅલ યોજવામાં આવી હતી. વર્ચ્યુઅલ સાધારણ સભામાં ઉપસ્થિત રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી મનસુખભાઈ ખાચરીયાએ સહકારી જગતના ભીષ્મ એવા સ્વ. વલ્લભભાઈ પટેલને સ્મરાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું કે, "વિનાસહકાર નહીં ઉધાર" સૂત્ર આપેલ અને તેમને સાર્થક કરવા મુરબી સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાએ અથાગ પ્રયત્ન કરેલા બંને દિવંગત નેતાઓને શ્રધ્ધાંજલી અને બેંકના ચેરમેન અને રાજયના કેબિનેટ મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયા અને બેંક ઓફ ડિરેકટરોને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવેલ હતી. દરમ્યાન વધુમાં જણાવેલ હતું કે, સહકારીતા વ્યક્તિના જીવનની સફેદ નસ સમાન છે. વ્યક્તિના સામાજીક જીવનમાં આર્થિક દ્રષ્ટિકોણથી સહકારી સંસ્થાઓનું ખુબ જ મોટું યોગદાન રહેલું છે. સહકારી બેંક દ્વારા અને સહકારી મંડળીઓ દ્વારા કિશાનનો ના સર્વાંગી વિકાસ થાય, ખેડૂતોની માટે હજુ પણ વધુ ચિંતા કરી વર્ષ દરમ્યાન આવતી કુદરતી આપદાઓમાં કિશાન ભાઈઓને મદદરૂપ બનીએ, ખેડૂતોને ખેત ઉત્પાદન માટે નો ખર્ચ ઘટે અને પાક ઉત્પાદનની ક્ષમતા વધે, પોષણક્ષમ ભાવ મળે તે માટે તેમનું ચિંતન અને મનન કરી ખેડૂતોની વધુમાં વધુ ચિંતા કરી ખૂટતું પૂરતું કરી ખેડૂતોને



સાચા અર્થમાં મદદરૂપ થઈ શકીએ એજ આજના મંગલ દિવસે અભ્યર્થના તેમ અંતમાં અનુરોધ કરતા જણાવેલ હતું.

## અરવલ્લી જીલ્લા ભાજપ મહામંત્રી ધીમંત પટેલને કોરોના ભરખી ગયો

કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં દિવાળીના તહેવારો બાદ કોરોનાના સંક્રમણને લીધે પોઝેટીવ કેસનો આંકડો ડબલ ડીઝીટમાં પહોચી ગયો છે કોરોનાની બીજી લહેર જિલ્લાવાસીઓ માટે આફતરૂપ બની રહી છે જિલ્લામાં લોકો રેપિડ ટેસ્ટ કરાવવા માટે દોડાદોડી કરી રહી છે ભાજપ અને કોંગ્રેસના અનેક નેતાઓ કોરોનાના ઝપેટમાં આવી ચુક્યા છે ત્યારે ભાજપના વધુ એક નેતાને કોરોના ભરખી જતા ભારે ભારે ચકચાર મચી છે અરવલ્લી ભાજપના મહામંત્રીનું કોરોનાથી અમદાવાદ સારવાર દરમિયાન મોત થતા અરવલ્લી જીલ્લા ભાજપમાં ભારે શોકની લાગણી છવાઈ છે ધનસુરા તાલુકાના ખડોલ ગામના સરપંચનું પણ ગાંધીનગર સારવાર દરમિયાન મોત નિપજતા સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો છે. બાયડ તાલુકાના ગાબટ ગામના અને જીલ્લા ભાજપ મહામંત્રી ધીમંત પટેલ કોરોનાગ્રસ્ત થતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા દોઢ મહિના સુધી કોરોના સામે






### ધનસુરાના ખડોલના સરપંચ કોરોના સામે જંગ હાર્યા , જીલ્લામાં ફફડાટ

ઝઝૂમ્યા બાદ આખરે કોરોના સામે જંગ હારી જતા મોતને ભેટ્યા હતા થોડા દિવસ અગાઉ ભાજપના જીલ્લા મંત્રી ગજાનંદ પ્રજાપતી બાદ મહામંત્રી ધીમંત પટેલને કોરોના ભરખી જતા ટૂંક સમયમાં ભાજપ સંગઠને વધુ એક નેતા ગુમાવી ચૂક્યું છે ધીમંત પટેલ સેવાકીય કાર્યોમાં પણ અગ્રેસર રહેતા બાયડ પંથકના લોકોએ એક ઉમદા નેતા ગુમાવ્યા હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે.

ધનસુરા તાલુકાના ખડોલ ગામના સરપંચ અને ભરવાડ સમાજના અગ્રણી ભલાભાઈ એક સપ્તાહ અગાઉ કોરોનામાં સપડાતા પરિવારજનોએ સારવાર અર્થે ગાંધીનગર દવાખાને ખસેડ્યા હતા એક સપ્તાહની સઘન સારવાર કારગત ન નીવડતા રવિવારે ભલાભાઈ ભરવાડનું કોરોનાથી નિધન થતા ખડોલ ગામ સહીત ધનસુરા પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી જીલ્લામાં એક જ દિવસમાં બે લોક નેતાને કોરોના કાળનો ભોગ બનતા લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે

## માનવતા થી મહેકી ઉઠયુ મસ્કા



કમલમ દૈનિક,

માંડવી ની સમીપે આવેલ મસ્કા ગામે એક્રર વાલા આરોગ્ય ધામ મધ્યે સરકાર ના નિયમોનુસાર કોવિડ ૧૯ સારવાર કેન્દ્ર ચાલુ થયેલ છે, જ્યાં અનેક કોરોના ના દર્દી ઓ સારવાર કરાવી સ્વસ્થ થયા છે સાથે અમુક લોકો મૃત્યુ પણ પામ્યા છે. આ મૃત્યુ પામેલ દર્દી ઓ ને કોવિડ ૧૯ ના નિયમોઆધીન અંતિમ ક્રિયા મસ્કા મુકામે જ કરવી પડે અને કોરોના ના દર્દી થી લોકો મા ભય હોય એ સ્વાભાવિક હતું પરંતુ આવા સમયે પોતાના જાત ની પરવાહ કર્યા વગર મસ્કા ના યુવા સરપંચ શ્રી કીર્તિ ભાઈ ગોર અને એમની ટીમ આગળ આવ્યા અને આવા દર્દીઓ ના શબ ને પૂર્ણ ધાર્મિક વિધિ થી અંતિમ ક્રિયા કરવાનું નક્કી કર્યું એક્રરવાલા કોવિડ ૧૯ સારવાર કેન્દ્ર મા દૂરબદૂર થી આવતા દર્દી ઓ ના મૃત્યુ સમયે સગાસંબંધી હોય ન હોય ઘર ના બે જ વ્યક્તિ હોય પરંતુ મસ્કા ના યુવા સરપંચ કીર્તિ ભાઈ ગોર અને એમની ટીમ સગાસંબંધી બની આવા શબ ની અંતિમ ક્રિયા ઓ કરે છે દિવાળી જેવા સપરમા દિવસે પણ આ ટીમે અંતિમ ક્રિયા કરવા માટે પાછીપાની નહોતી કરી.મસ્કા સરપંચ અને ટીમ ના આ કાર્ય ને એક્રર વાલા આરોગ્ય ધામ ના દામજી ભાઈ એંકર વાલા તારાચંદભાઈ છેડા તેમજ ટ્રસ્ટી શ્રી ઓ અને ગ્રામજનો એ માનવતા નું કાર્ય લેખાવી આભાર ની લાગણી સાથે અભિનંદન પાઠવી રહ્યા છે. ડો.કૌશિકભાઈ શાહ ના નેતૃત્વ માં ડો.મૃગેશભાઈ બારડ. ડો.કુલદીપ ભાઈ વેલાણી. ડો.સન્ની ભાઈ ડો.દીપ ભાઈ સાથે નર્સિંગ સ્ટાફ અને જનરલ સ્ટાફ પણ ખૂબ સારી રીતે સેવા આપી રહ્યા છે ત્યારે ગામ ના માવજી ભાઈ,સુનીલ ભાઈ, અક્ષય ભાઈ દિલીપ ભાઈ, વિજય સિંહ ભાઈ,વસંત ભાઈ,વિનીત ભાઈ,પ્રકાશ ભાઈ, કૌશિક ભાઈ,કિરણ ભાઈ, ઊર્વેશ ભાઈ,મંથન ભાઈ જેવા અનેક યુવાનો આ કાર્ય માં માનવતા મહેકાવી રહ્યા છે ત્યારે યુવા સરપંચ શ્રી કીર્તિ ભાઈ ગોર કોરોના ના શરૂઆત થી આજ દિવસ સુધી સરકાર ના કોવિડ ૧૯ ના તમામ દિશા નિર્દેશ નું પાલન કરી અને કોરોના કાળ મા લોકો ને સરકાર ની તથા સંસ્થા ઓ ની તમામ સહાય લોકો ના ઘર સુધી પહોચાડી મદદરૂપ થઈ માનવતા ની મહેક ચોતરફ ફેલાવી છે.

## સ્પીકર કોન્ફરન્સમાં બંધારણના ત્રણ મુખ્ય અંગો વચ્ચે સુમેળ અને સુચારુ સંકલનની બાબતો નો વિચાર વિમર્શ થશે -વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી



### ૮૦ મી પરિષદ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી અતિ વિશિષ્ઠ જ્યાની પસંદગી માટે લોકસભા અધ્યક્ષશ્રીનો માન્યો આભાર

### સો વર્ષ દરમિયાન મળેલી પરિષદો પૈકી આ ૮૦ મી પરિષદમાં પ્રથમવાર રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ મહોદયની ઉપસ્થિતિ અને પ્રધાનમંત્રી દ્વારા ઓનલાઈન સંબોધનની આ પ્રથમ ઘટના બનશે



કમલમ દૈનિક,

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આજે કેવડિયાની મુલાકાત લઈને ટેન્ટ સિટી ખાતે અત્રે યોજાઈ રહેલી ૮૦ મી રાજય વિધાનસભાના અધ્યક્ષશ્રીઓની પરિષદની પૂર્વ તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરવાની સાથે પરિષદ સાથે સંકળાયેલા વિવિધ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું અને વ્યવસ્થાઓને સુચારુ બનાવવાનું માર્ગદર્શન આપ્યું હતું. આ પરિષદમાં લોકસભા અને રાજ્ય સભા તેમજ ૩૩ રાજ્ય વિધાનસભાઓના અધ્યક્ષશ્રીઓ ભાગ લેવાના છે. જેમને રાષ્ટ્રપતિ શ્રી અને ઉપરાષ્ટ્રપતિશ્રી અત્રે ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે. જ્યારે આ પરિષદના ઈતિહાસમાં પ્રથમ ઘટના રૂપે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સમાપન સત્રમાં




ઓનલાઈન પ્રવચન આપશે. તેમણે પ્રશાસન સાથેની બેઠકમાં આ પરિષદમાં ભાગ લઈ રહેલા મહેમાનોના માધ્યમથી દેશને સ્ટેચ્યુ ઓફ યુનિટીની અને અન્ય સંખ્યાબંધ આકર્ષણોની દર્શનીયતાનો સંદેશ દેશને મળે એ પ્રકારની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાનો અનુરોધ કર્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટી એક અતિ વિશિષ્ઠ સ્થળ છે,દેશની એકતાના ઘડવૈયા સરદાર સાહેબનું આ સ્મારક છે,પ્રતિમાની ૧૮૨ મીટરની ઊંચાઈ રાજ્યની વિધાનસભાના ૧૮૨ સદસ્યોની સૂચક છે અને ગુજરાતના સાડા છ કરોડ

### ગુજરાતના રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી પરિષદના મહેમાન બનશે

પ્રજાજનોની લાગણી તેની સાથે જોડાયેલી છે એવી માહિતી આપતાં તેમણે આ અતિ વિશિષ્ઠ સ્થળની આ પરિષદ માટે પસંદગી કરવા બદલ લોકસભાના અધ્યક્ષશ્રીને સાભાર ધન્યવાદ આપ્યા હતા.શ્રી ત્રિવેદીએ આ પરિષદ ના આયોજનમાં રાજ્ય સરકારના ઉમદા સહયોગ માટે મુખ્યમંત્રીશ્રી નો આભાર માન્યો હતો. એક્ઝિક્યુટિવ,લેજીસ્લેચર અને જ્યુડિસ્યરી એ ભારતની બંધારણીય વ્યવસ્થાના ત્રણ મુખ્ય અંગો છે એવી લાગણી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે આ પરિષદમાં મુખ્યત્વે આ ત્રણેય અંગો વચ્ચે સુમેળ અને સુચારુ સંકલનમાં અભિવૃદ્ધિને લગતી બાબતોનો વિવિધ સત્રોમાં વિચારવિમર્શ થશે. તેમણે જણાવ્યું હતું કે માનનીય રાષ્ટ્રપતિ મહોદય, આદરણીય ઉપરાષ્ટ્રપતિશ્રી લોકસભાના અધ્યક્ષશ્રીની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અને માર્ગદર્શન તેમજ આદરણીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ઓનલાઈન સમાપન પ્રવચન,સરદાર પ્રતિમાના સાનિધ્યમાં બંધારણના આમુખ ની સાક્ષી હેઠળ રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ આ પરિષદને અવિસ્મરણીય અને યાદગાર બનાવશે.લોકસભા અને રાજ્યસભાના નેતા પ્રતિપક્ષને પણ આમંત્રિત કરાયા છે.આ પરિષદના આયોજનમાં રાજ્ય સરકારે સંપૂર્ણ પીઠબળ આપ્યું છે. આ બેઠકમાં પ્રવાસન સચિવ મમતા વર્મા,નર્મદા નિગમના જોઈન્ટ એમ ડી.સંદીપકુમાર ,ટ્રાન્સપોર્ટ કમિશનર શ્રી રાજેશ માંઝુ, જિલ્લા કલેકટર શ્રી ડી. એ.શાહ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.